## એમ.એસ.યુનિ.ના પૂર્વ અને વર્તમાન વીસીની કમિટીમાં પસંદગી કરાઈ

# નેશનલ એજ્યુ. પોલિસીના અમલીકરણ માટે પાંચ ઝોનલ કમિટી બનાવાઈ

**પૂર્વ વીસી** પ્રો.યોગેશ સિંઘની નોર્થ ઝોનમાં અને વેસ્ટ ઝોનમાં એમ.એસ. યુનિ.ના વીસી પ્રો.પરિમલ વ્યસની નિમણુંક કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા. 25, ભારત સરકાર ઉચ્ચ શિક્ષણને આર્થિક અને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 ના સફળ અમલીકરણ માટે અનેક પહેલ કરી રહી છે. ત્યારે ભારતમાં આવેલ યુનિવર્સિટીઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની વિવિધ જોગવાઈઓ જેવી કે એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ, મલ્ટીપલ એન્ટ્રી એક્ઝિટ, મલ્ટિડિસિપ્લિનરી લર્નિંગ પરિણામ આધારિત પ્રોગ્રામર્સ, અનુભવી શિક્ષણ, કૌશલ્ય આધારિત વ્યાવસાયિક અભ્યાસક્રમો,





SWAYAM અભ્યાસક્રમો, નેશનલ એકેડેમિક ડિપોઝિટરી અને અન્ય સવલતો લાગુ કરવા આગળ આવી છે. કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને રાજ્યની યુનિવર્સિટીઓને નીતિના અમલીકરણ માટે રોડમેપ તૈયાર કરવા માટે સુવિધા આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એ કેન્દ્રીય યુનિવર્સિટીઓ, રાજ્ય યુનિવર્સિટીઓ, ખાનગી યુનિવર્સિટીઓ અને ડીમ્ડના વાઈસ ચાન્સેલરો સાથે પાંચ ઝોનલ સમિતિઓની રચના કરી છે.

યુજીસીના સંયુક્ત સચિવ ડૉ. મંજુ સિંઘના માર્ગદર્શન હેઠળ રચાયેલ નવી ઝોનલ સમિતિમાં પાંચ ઝોનમાં મળી કુલ 32 સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.જેઓ રાષ્ટ્રિય શિક્ષણ નિતિ 2020ની જોગવાઈના અમલીકરણ માટે કાર્યરત રહેશે.એમ.એસ.યુનિવર્સીટીના પૂર્વ વીસી પ્રો.યોગેશ સિંઘજે હાલ દિલ્હી યુનિ.ના વીસી છે તેમની નોર્થ ઝોનની કમિટીમાં નિમણૂક કરવામાં આવી છે. ઉપરાંત વેસ્ટ ઝોનમાં એમ એસ. યુનિ.ના વીસી પ્રા. પરિમલ વ્યાસની નિમણૂક કરવામાં આવી છે. તમામ ઝોનલ સમિતિ તેમના વિસ્તારમાં

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 ની વિવિધ જોગવાઈઓ અને તેના સુચારુ અમલીકરણ માટે કાર્ય કરશે અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શન આપશે.